For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ગભેણીમાં ખુલ્લા પ્લોટમાં ઓઈલના ગોડાઉનમાં આગનું તાંડવ, વેસ્ટેજ ઓઇલ ભરેલા 100 ડ્રમ બ્લાસ્ટ

# એક પછી એક 100 ડ્રમ ફાટ્યા

**ડ્રમ** ફાટવાના પ્રચંડ અવાજથી સમગ્ર વિસ્તાર ધણધણી ઊઠતા ભાદોડ મચી ગઇ, બાજુના ગેરેજમાં ત્રણ આયશર, એક ટેમ્પો સહિતનાં વાહનો આગમાં બળી ગયા,દોઢ કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી

સુરતઃ શહેરના સચિન-ગભેણી ચાર રસ્તા ખાતે આવેલા એક ખુલ્લા પ્લોટમાં બનાવવામાં આવેલા ઓઈલના ગોડાઉનમાં બુધવારે સવારે ભયકંર આગનું તાંડવ જોવા મળ્યું હતું. અહીં વેસ્ટેજ ઓઈલના ડ્રમમાં આગ લાગ્યા બાદ એક પછી એક 100 જેટલા ડ્રમ આગની લપેટમાં આવી જતા બ્લાસ્ટ થયા હતા. જેને પગલે ડ્રમ ફાટવાના પ્રચંડ અવાજ પગલે સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો અને આખા વિસ્તારમાં અફરાતફરી અને દહેશતનો માહોલ સર્જાયો હતો. ઘટના અંગે જાણ કરવામાં આવતા અલગ અલગ છ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ પર કાબુ મેળવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સચિન ગભેણી ખાતે રાજરતન સોસાયટી પાસે ખાતા નંબર 37 ના ખુલ્લા પ્લોટમાં સવારે લગભગ 9 વાગ્યે ખુલ્લા પ્લોટમાં રાખવામાં આવેલા ઓઇલના ડ્રમમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી એક પછી એક આશરે 100 જેટલા ઓઇલના ડ્રમને ઝપેટમાં લઈ લીધા હતા. ઓઇલના ડ્રમ ગરમીના કારણે પ્રચંડ ધડાકા સાથે ફાટતાં આસપાસનો વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો અને લોકોમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. આગની વિકરાળ જ્વાળાઓ સાથે ...અનુસંધાન પાના 9 પર

### પ્લોટમાં જ ગેરેજ પણ હતું

સબ ફાયર ઓફિસર વિજય સોલંકીએ જણાવ્યું હતું કે એક જ ખુલ્લો પ્લોટ હતો અને તેની અંદર વેસ્ટેજ ઓઇલનું ગોડાઉન પણ હતું અને બાજુમાં જ તેની અંદર ગેરેજ પણ ચાલતું હતું. ડ્રમમાં લાગેલી આગની જ્વાળાઓ બાજુમાં આવેલા ગેરેજ સુધી પહોંચતાં ગેરેજ પણ આગની લપેટમાં આવી ગયું હતું. આગમાં ગેરેજમાં રહેલા ત્રણ આયશર, એક ટેમ્પો અને ત્રણ સાઇકલ બળીને ખાક થઈ ગયા હતા.

### આ ભયાવહ આગમાં પણ હોટફિક્સ વેસ્ટની શંકા

એવી પણ ચર્ચા છે કે, સચીન ચોકડી પાસે લાગેલી આ આગ પાછળ પણ હોટફીક્સ વેસ્ટની ભુમિકા જવાબદાર છે. જી.એમ.ડાયમંડ ઇન્ડસ્ટ્રીયલ ઇકો પાર્કની બાજુમાં હોટફીક્સના કચરાનો ઢગલો હતો તેના સુધી પહોંચેલી આગે મોટુ સ્વરૂપ ધારણ કર્યું હતું. અહી આસપાસની ઇન્ડસ્ટ્રીઝમાંથી નિકળતા હોટફીક્સના વેસ્ટના મોટા મોટા ઢગલા કરી જવાતા હોવાની બૂમ ઘણા સમયથી ઉઠેલી છે.







(તસવીરો : સતીષ જાદવ)

## લગ્નની કંકોત્રીના નામની .apk ફાઈલે 200 પોલીસકર્મીના મોબાઈલ હેક કર્યા

**પોલીસબેડામાં** જ થયેલા સાયબર એટેકમાં 200 પોલીસકર્મીના 50 હજારથી વધુ કોન્ટેક્ટ્સ જોખમમાં મુકાયા

**પીઆઈ** સુવેરાએ તમામને એલર્ટ કર્યા હતા, ઈનચાર્જ પો.કમિ.એ તાકીદે પ્રેસ કોન્ફરન્સ બોલાવી

સુરતઃ રાજ્યમાં લગ્નની કંકોત્રીના નામે ખુદ પોલીસને મોકલાયેલી apk ફાઈલના પ્રકરણમાં આશરે 200થી વધુ ...અનુસંધાન પાના 9 પર

### સાયબર માફિયાનો ટાર્ગેટ ૩,૦૦૦ પોલીસકર્મીઓના મોબાઈલ હેક કરવાનો હતો

સાયબર ગઠિયાઓએ એક સુનિયોજિત ષડયંત્રના ભાગરૂપે વોટ્સએપ કે સોશિયલ મીડિયા દ્વારા પોલીસ કર્મચારીઓને ટાર્ગેટ કર્યા હતા. અંદાજે ૩,૦૦૦ જેટલા કર્મીઓના મોબાઈલ હેક કરવાનો ટાર્ગેટ હતો. જેમાંથી આ 'વેડિંગ ઇન્વિટેશન કાર્ડ'ની apk ફાઇલ પર ૨૦૦ થી ૩૦૦ જેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓએ અજાણતા ક્લિક કરી દેતાં જ તેમના ફોન હેક થઈ ગયા હતા.

### ૫૦,૦૦૦થી વધુ કોન્ટેક્ટ્સ હેક: બેંક એકાઉન્ટ્સ સાથે ચેડાંની આશંકા

પોલીસકર્મીઓના અને તેમના પરિવાર તેમજ મિત્રોના મોબાઈલ પર કંકોત્રી મોકલતા ફોન હેક થતાં જ સાયબર ઠગોની ઓટોમેટેડ સિસ્ટમે તે ફોનમાં સેવ રહેલા ૫૦,૦૦૦થી વધુ કોન્ટેક્ટ્સ પર પણ આ જ વાઇરસ ફાઇલ ફોરવર્ડ કરી દીધી હતી. સેંકડો સામાન્ય નાગરિકો અને અધિકારીઓના સંપર્કો આ કડીમાં આવી જતાં ગઠિયાઓએ બેંક એકાઉન્ટ્સ સાથે ચેડાં કર્યા હોવાની આશંકા પ્રબળ બની છે. ફોન પરનો સંપૂર્ણ કંટ્રોલ ગુમાવી દેતાં ગણતરીની સેકન્ડોમાં બેંક ખાતાઓમાંથી નાણાં ઉપડી જવાની ભીતિ વચ્ચે સાયબર ક્રાઈમ સેલે યુદ્ધના ધોરણે તપાસ હાથ ધરી છે.

## ગરમીમાં વધારા બાદ સુરતમાં પાછોતરો વરસાદ પડતાં ઠંડક

**લો** પ્રેશરની સિસ્ટમ મધ્યપ્રદેશથી ઉત્તરપ્રદેશ તરફ આગળ વધશે

**તેની** સામાન્ય અસર દક્ષિણ ગુજરાતમાં જોવા મળી શકે છે

**હવે** 20મી સપ્ટે. સુધી લોકલ સિસ્ટમથી છૂટાછવાયાં ઝાપટાં યથાવત રહેશે

સુરતઃ સુરત શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ચોમાસું હવે ધીમે-ધીમે વિદાય તરફ આગળ વધી રહ્યું છે. હાલ સુરત અને દક્ષિણ ગુજરાતમાં ...અનુસંધાન પાના 9 પર

### વહેલી સવારે ઝાપટું, સાંજે ફરી વરસાદ

સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી છૂટાછવાયા વરસાદની આગાહી વચ્ચે આજે હવામાનમાં થોડો બદલાવ જોવા મળ્યો હતો. વહેલી સવારે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. ત્યારબાદ દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બપોરના સમયે ...અનુસંધાન પાના 9 પર

### સુરત જિલ્લાના કયા તાલુકામાં કેટલો વરસાદ

| તાલુકો | વરસાદ |
|---|---|
| ઓલપાડ | 1 મીમી |
| ઉમરપાડા | 15 મીમી |
| માંડવી | 5 મીમી |
| સુરત | 3 મીમી |
| બારડોલી | 2 મીમી |
| અરેઠ | 6 મીમી |
| અંબિકા | 2 મીમી |

### સુરતમાં તાપમાનમાં નજીવો ઘટાડો, ભેજનું પ્રમાણ 86 ટકા

વરસાદી માહોલ વચ્ચે સુરત શહેરના મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. આજે મહત્તમ તાપમાન 31.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં બે ...અનુસંધાન પાના 9 પર

## સુરતને મુંબઈની નહીં પરંતુ નવી મુંબઈની ફ્લાઈટ મળે તેવી સંભાવના

**એર** ઈન્ડિયા એક્સપ્રેસના સંભવિત વિન્ટર શેડ્યુલમાં સુરત-નવી મુંબઈ રૂટની ચર્ચા

**સીધી** કનેક્ટિવિટીનો પ્રશ્ન ઊભો જ રહેશે, હબ-એન્ડ-સ્પોક મોડલથી આંતરરાષ્ટ્રીય જોડાણની શક્યતા

સુરતઃ સુરત એરપોર્ટની એર કનેક્ટિવિટીમાં વધુ એક મહત્ત્વપૂર્ણ ઉમેરો થવાની શક્યતા વચ્ચે નવી મુંબઈ-સુરત ફ્લાઈટને લઈને ચર્ચા તેજ બની છે. એરલાઈન્સ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ આગામી વિન્ટર શેડ્યૂલમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરત અને નવી મુંબઈ વચ્ચે ફ્લાઈટ શરૂ કરવામાં આવી શકે છે.

સંભવિત સમયપત્રક મુજબ ફ્લાઈટ નવી મુંબઈથી સવારે 5.00 વાગ્યે ઉડી સુરત સવારે 5.55 વાગ્યે પહોંચે, જ્યારે સુરતથી સવારે 11.15 વાગ્યે નવી મુંબઈ માટે રવાના થઈ 12.10 વાગ્યે પહોંચે તેવી ચર્ચા છે. એવિએશન ક્ષેત્રના જાણકારોનું માનવું છે કે આ રૂટ પાછળ એર ઈન્ડિયા એક્સપ્રેસનો હબ-એન્ડ-સ્પોક મોડલ હોઈ શકે છે. એટલે કે, સુરતથી મુસાફરોને નવી મુંબઈ હબ મારફતે વિવિધ આંતરરાષ્ટ્રીય અથવા અન્ય ...અનુસંધાન પાના 9 પર

### કાગળ પર જ બિલિંગ! ITC સ્કેમ પકડવા ટોલનાકાના ડેટાની તપાસ કરાશે

## ઈવે બિલ બનાવ્યા બાદ ગાડી ટોલનાકાથી પસાર થઈ કે કેમ?

**SGSTના** અધિકારીઓ હવે વાહનની મૂવમેન્ટ પર નજર રાખશે

**NHAI** અને સ્ટેટ હાઈવેના ટોલનાકા પરથી ડેટા મેળવવાનું શરૂ કરાયું

સુરતઃ માલની ભૌતિક હેરફેર વિના માત્ર કાગળ પર જ બોગસ બિલિંગના માધ્યમથી ચાલતા કરોડો રૂપિયાના ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) સ્કેમને નેસ્તનાબૂદ કરવા માટે સુરત SGST વિભાગે અત્યંત આક્રમક રણનીતિ અપનાવી છે. બોગસ ઈ-વે બિલના ...અનુસંધાન પાના 9 પર

### કૌભાંડીઓ સામે કડક પગલાંની તૈયારી

સુરત એસજીએસટી વિભાગની આ સક્રિયતાથી બોગસ બિલિંગ કરનારા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. વિભાગ દ્વારા ડેટા એનાલિસિસના આધારે શંકાસ્પદ વ્યવહારોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને કૌભાંડીઓને કાયદાના સકંજામાં લેવાની તલસ્પર્શી કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. આગામી દિવસોમાં આ પ્રકારના ફોર્જરી કેસોમાં સંડોવાયેલા પેઢીઓ અને વેપારીઓ સામે દંડ અને ફોજદારી પગલાં લેવામાં આવશે, જેથી ટેક્સ ચોરીના આ દુષણને અસરકારક રીતે અટકાવી શકાય.

## ડો. હર્ષ પંડ્યા રેંગિગ-આપઘાત કેસમાં ડો. હિના ભૂતે આગોતરા જામીન માંગ્યા

**પોલીસે** આગોતરા સામે સોગંદનામું કર્યું કે, ડો. હર્ષ અવાજ ઉઠાવતા હતા જેનાથી સિનિયરો અકળાતા હતા

**જામીન** આપવા સામે સરકારી વકીલનો ભારે વિરોધ, હવે કોર્ટ દ્વારા નિર્ણય કરાશે

સુરતઃ શહેરના મેડિકલ ક્ષેત્રમાં ચકચાર જગાવનાર નવી સિવિલ હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગમાં રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. હર્ષ પંડ્યાના રેગિંગ- ...અનુસંધાન પાના 9 પર

### ડો. હર્ષને અન્યાય સામે અવાજ ઉઠાવવા બદલ સિનિયરો ખાસ ટાર્ગેટ કરતા હતા

ડો. હિના ભૂતની આગોતરા જામીન અરજી સામે પોલીસ એફિડેવિટમાં સામે આવ્યું છે કે સિનિયર ડોક્ટરો દ્વારા ચલાવવામાં આવતા ગેરકાયદે હુકમો અને રેગિંગ સામે માત્ર ડો. હર્ષ પંડ્યા જ અવાજ ઉઠાવતા હતા. અન્ય જુનિયર તબીબો ડરના કારણે મૌન રહેતા, જ્યારે ડો. હર્ષ અન્યાયનો ખુલ્લેઆમ વિરોધ કરતા હતા. આ બાબત સિનિયરોના અહંકાર (ઈગો) ને ઠેસ પહોંચાડતી હતી, જેના કારણે તેઓ ડો. હર્ષને સ્પેશિયલ ટાર્ગેટ બનાવીને વધુ ત્રાસ આપતા હતા. જો કોઈ જુનિયર કામ કરવાની ના પાડે, તો સિનિયરો બધાની હાજરીમાં તેમને ...અનુસંધાન પાના 9 પર

### શું દલીલો કરી સરકારી વકીલે કોર્ટમાં?

સરકારી વકીલ દિગંત તેવારે કોર્ટમાં દલીલો કરતા જણાવ્યું હતું કે, ગુનો આચર્યા બાદથી આરોપીઓ પોતાના રહેણાંક સરનામે હાજર મળ્યા નથી અને ધરપકડથી બચવા નાસતા ફરે છે. જો આરોપી ડો. હિનાને જામીન આપવામાં આવશે, તો તેઓ સાક્ષીઓને ધમકાવી શકે છે તેમજ મહત્વના પુરાવાઓ સાથે ચેડાં કરી શકે છે. આ ગંભીર તથ્યોને આધારે પોલીસે આગોતરા જામીન અરજી ફગાવી દેવા સખત વિરોધ નોંધાવ્યો છે. કોર્ટમાં બંને પક્ષોની દલીલો પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં ચુકાદો જાહેર થશે.

## પીપલોદની રાધાકૃષ્ણ હોટલની દાલફ્રાયમાંથી કોક્રોચ નીકળ્યો

**જીવાત**, ઉંદર, ફૂગ, કીડા પકડાવવામાં સોશિયલ મીડિયા એક્ટિવ, મનપાએ 5000નો દંડ ફટકાર્યો





સુરતઃ વરાછાના ઇશ્વરકૃપા રોડ પર આવેલી શીતલ હોટેલનું પંજાબી શાક ખાધા બાદ પરિવારને ફૂડ પોઇઝનિંગ અને એક બાળકીના મોતની ઘટનાને પગલે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરભરમાં ખાણી-પીણીની સંસ્થાઓ સામે ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ શહેરીજનો પણ ખાણી-પીણીની ગુણવત્તા અંગે જાગૃત બન્યા છે અને સોશિયલ મીડિયાના માધ્યમથી હોટેલ-રેસ્ટોરાંમાં પીરસાતી વાંધાજનક વાનગીઓની પોલ ખોલી રહ્યા છે.

આ દરમિયાન પીપલોદ વિસ્તારમાં આવેલી રાધાકૃષ્ણ હોટલની દાલફ્રાયના પાર્સલમાંથી વાંદો નીકળ્યો હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મનપાના અઠવા ઝોનનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું. ટીમે હોટલ પર પહોંચી સ્થળ તપાસ ...અનુસંધાન પાના 9 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



આહિર અવસાન - બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૂજ્ય ભાઈ/પિતાશ્રી રમણભાઈ જેરામભાઈ આહિરનું તા : ૦૨/૦૯/૨૦૨૬, બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે...

સદ્દગતનું બેસણું : તા. ૦૬/૯/૨૦૨૬, રવિવાર, સવારે : ૯.૩૦ કલાકે
ઉત્તરક્રિયા : તા.૧૩/૯/૨૦૨૬, રવિવાર, સવારે : ૯.૩૦ કલાકે
સ્થળ : ગામ નરથાણ, સિધ્ધનાથનગર સોસાયટી, ઓલપાડ, સુરત

સ્વ. રમણભાઈ જેરામભાઈ આહિર
સ્વ. તા. ૦૨/૦૯/૨૦૨૬

લિ.
કિશોરભાઈ જેરામભાઈ આહિર, રાજુભાઈ જેરામભાઈ આહિર, નિખિલભાઈ રમણભાઈ આહિર, કપીલભાઈ રમણભાઈ આહિર, કેવીનભાઈ કિશોરભાઈ આહિર, આકાશ રાજુભાઈ આહિર, હેનીલભાઈ રાજુભાઈ આહિર તથા સમસ્ત પરિવાર



બીજી વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે હાર્દિક શ્રદ્ધાંજલી

બે વર્ષ વીત્યા આપની વિદાયને,
પણ યાદોની છાયા હજુ અકબંધ છે,
નજર સામે નથી તું 'માં',
પણ હૃદયના દરેક ધબકારમાં તારો જ સંબંધ છે.

સ્વ. દેવીલાબેન નગીનદાસ શાહ
જન્મ તા :- 21-04-1940 | દેવલોક :- 03-09-2024

-: સંચાલક મંડળ :-
શ્રી અમર જ્યોત એજ્યુકેશન સોસાયટી
શ્રીનાથજી સ્કૂલ
શ્રીનાથજી બી.બી.એ. કોલેજ
શ્રીનાથજી બી.સી.એ. કોલેજ
શ્રીનાથજી બી.કોમ કોલેજ
દમણ



પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

જીવનભર પરિશ્રમનાં દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ચંદનસમુ જીવન જીવી આપ સુખ સૌને દઈ ગયા, આપના જીવનના ઉચ્ચ આદર્શો, નમ્ર અને સરળ સ્વભાવ સેવાની ઉચ્ચ ભાવના, ઉદરતા, ધર્મ પ્રત્યે અતુટ શ્રધ્ધા વિગેરે ગુણો અમોને પ્રેરણારૂપ બની રહશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. નંદુબેન શાંતુભાઈ પટેલ
સ્વ.તા: ૦૩/૦૯/૨૦૨૫

લિ. શાંતુભાઈ સુખાભાઈ પટેલ(પતિ)
જયેશભાઈ શાંતુભાઈ પટેલ(પુત્ર), ધર્મિષ્ઠાબેન જયેશભાઈ પટેલ(પુત્રવધુ), કેવલ જયેશભાઈ પટેલ(પૌત્ર), વંશ જયેશભાઈ પટેલ(પૌત્ર), અંકિતભાઈ બિપિનભાઈ પટેલ(જમાઈ), કનિષ્કા અંકિતભાઈ પટેલ(પૌત્રી) તથા સમસ્ત પરિવાર
સ્થળ: નવો મહલ્લો, અઠવાલાઈન્સ, લાલ બંગલો, સુરત.



હાર્દિક શ્રદ્ધાંજલિ

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી,
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ
શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ. જાગૃતિબેન અનિલકુમાર દલાલ
સ્વ. તા. ૦૨/૦૯/૨૦૨૬

લિ.
લાલભાઈ ક્લબ કરાઓકે સિંગીંગ ગૃપ
સુરત

સુરતી મોઢ વણિક અવસાન - બેસણું



સ્વ. જાગૃતિબેન અનિલકુમાર દલાલ
જન્મ તા. ૦૮/૦૩/૧૯૬૭ - સ્વ. તા. ૦૨/૦૯/૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મારા ધર્મપત્નિ સ્વ. જાગૃતિબેન અનિલકુમાર દલાલ નું દુઃખદ અવસાન તા. ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ થયેલ છે.

સદગતની પ્રાર્થના સભા

તા. ૦૩/૦૯/૨૦૨૬ ને ગુરુવારે સવારે ૯:૩૦ થી ૧૨:૦૦ કલાકે, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રી સુરતી મોઢ વણિક ભવન (સમસ્ત પંચની વાડી), સૂર્યમ રેસીડેન્સીની ગલીમાં, પાલ, સુરત. ખાતે રાખેલ છે.

શોકાતુર

અનિલ ચંદ્રકાન્ત દલાલ
સ્વ. ચંદ્રકાન્ત ઈશ્વરલાલ દલાલ (જોનભાઈ), સ્વ. ભાનુબેન ચંદ્રકાન્ત દલાલ
મુકેશ ચંદ્રકાન્ત દલાલ (ભાઈ) (સાંસદશ્રી), નીલા મુકેશ દલાલ (ભાભી)
નિતિશ અનિલકુમાર દલાલ (પુત્ર), ઊર્મિ નિતિશ દલાલ (પુત્રવધુ)
ડો. ફોરમ રાહુલ કાપડિયા (પુત્રી), રાહુલ વિજયકુમાર કાપડિયા (જમાઈ)
હેમિશ મુકેશ દલાલ (ભત્રીજો), મિતાલી હેમિશ દલાલ (ભત્રીજા વધુ)
ડો. પાયલ અર્પિત શાહ (ભત્રીજી), અર્પિત વિનોદરાય શાહ (ભત્રીજા જમાઈ)
ડોલી ભરત કેળાવાલા (નણંદ), ભરત નટવરલાલ કેળાવાલા (નંદોઈ)
જર્નવ - હીર - વામિકા - વર્ષિત - ધાર્વિક - લિથિકા - લોક્ષિતા